**COVID-19 ની મહામારીને પહોંચી વળવા**
**કોવિડ સહાયકો તૈયાર કરવા બાબત.**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-એસ.એસ.એસ-૨-ગ (પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૭/૨૦૨૦

ઠરાવ:-

રાજય સરકાર દ્વારા કોરોના રોગની અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અન્વયે આ વિભાગના તા.૧૩/૩/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૧/ગ થી "ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન-૨૦૨૦" લાગુ કરવામાં આવેલ છે.

હાલમાં રાજ્યમાં કોવીડ ૧૯ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા આગામી સમયમાં માનવ સંસાધનની અછત ઉભી થઇ શકે છે. આ પરિસ્થિતિને પહોચી વળવા માટે રાજયની સરકારી મેડીકલ / પેરા-મેડીકલ કૉલેજો, જીએમઇઆરએસ હસ્તકની મેડીકલ કોલેજો, સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજો અને ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ વર્ષ એમ.બી.બી.એસ., બી.ડી.એસ., બી.એ.એમ.એસ. /બી.એચ.એમ.એસ., ફીઝીઓથેરાપીસ્ટ, બી. એસ.સી. નર્સિંગ, જી.એન.એમ. તથા અંતિમ (ફાઇનલ) વર્ષમાં વિવિધ શાખાઓમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર તાલીમ આપી તેમને આ કામ સોપી શકાય છે. વિવિધ શાખાઓમાં ઉપર દર્શાવ્યા મુજબ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નીચે મુજબ તાલીમ આપી જવાબદાર અધિકારીના માર્ગદર્શન હેઠળ યોગ્ય કામગીરીમાં સહાયક તરીકે કામ સોપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

| નં. | અભ્યાસની શાખા | આપવાની થતી તાલીમ | તાલીમનો સમયગાળો | ક્યા અધિકારીની નીચે કામ સોપી શકાય? |
|---|---|---|---|---|
| ૧ | ફાઈનલ વર્ષ એમ.બી.બી.એસ. | 1. Clinical management of COVID – 19<br>2. Infection prevention and Control | ૫ દિવસ | નોડલ ઓફિસર – ડેડીકેટેડ કોવીડ હોસ્પિટલ |
| ૨ | ફાઈનલ વર્ષ બી.ડી.એસ. | 1. Clinical management of COVID – 19<br>2. Infection prevention and Control | ૫ દિવસ | નોડલ ઓફિસર – ડેડીકેટેડ કોવીડ હોસ્પિટલ |
| ૩ | ફાઈનલ વર્ષ બી.એ.એમ.એસ. /બી.એચ.એમ.એસ. | 1. Field Surveillance and Supervision<br>2. Isolation and Quarantine<br>3. Infection prevention and Control<br>4. Psycho –Social Care | ૧ દિવસ | તાલુકા હેલ્થ ઓફિસર / મેડીકલ ઓફિસર |
| ૪ | ફાઈનલ વર્ષ ફીઝીઓથેરાપીસ્ટ | 1. Field Surveillance and Supervision<br>2. Isolation and Quarantine<br>3. Infection prevention and Control<br>4. Psycho –Social Care | ૧ દિવસ | તાલુકા હેલ્થ ઓફિસર / મેડીકલ ઓફિસર |
| ૫ | ફાઈનલ વર્ષ બી.એસ.સી. નર્સિંગ | 1. Critical care assistant<br>2. Infection prevention and Control<br>3. Psycho –Social Care | ૩ દિવસ | નોડલ ઓફિસર – ડેડીકેટેડ કોવીડ હોસ્પિટલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | ફાઈનલ વર્ષ જી.એન.એમ. | 1. Critical care assistant<br>2. Infection prevention and Control<br>3. Psycho –Social Care | ૩ દિવસ | નોડલ ઓફિસર – ડેડીકેટેડ કોવીડ હોસ્પિટલ |
| ૭ | ફાઈનલ વર્ષ બી.એસ.સી: માઈક્રોબાયોલોજી | 1. Sample Collection, Packaging and Transportation<br>2. Infection prevention and Control<br>3. Psycho –Social Care | ૧ દિવસ | ઈન્ચાર્જ – માઈક્રોબાયોલોજી વિભાગ |
| ૮ | ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ વર્ષ એમ.બી.બી.એસ., બી.ડી.એસ., બી.એ.એમ.એસ. /બી.એચ.એમ.એસ. , ફીઝીઓથેરાપીસ્ટ, બી. એસ.સી. નર્સિંગ, જી.એન.એમ. | 1. Care giver for Home Isolation<br>2. Nursing assistant<br>3. Field Surveillance and Supervision<br>4. Infection prevention and Control<br>5. Psycho –Social Care | ૧ દિવસ | તાલુકા હેલ્થ ઓફિસર / મેડીકલ ઓફિસર |

પુખ્ત વિચારણાના અંતે ઉપર કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના વિવિધ શાખાના વિદ્યાર્થીઓ માટે નિયત કરેલ તાલીમના અંતે સંબંધિત તમામ વિદ્યાર્થીઓએ રાજયની કોવિડ-૧૯ તરીકે ડેઝીગ્નેટેડ કરેલ હોસ્પિટલોમાં "કોવિડ સહાયક" તરીકે મદદમાં લેવાનું ઠરાવવામાં આવે છે.

ઉકત તમામ વિદ્યાર્થીઓ / તાલીમાર્થીઓએ તેમને જે કોવિડ-૧૯ ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં ફાળવવામાં આવે તે હોસ્પિટલના સંબંધિત સુપ્રિન્ટેન્ડેન્ટના માર્ગદર્શન હેઠળ સહાયક તરીકે નીચે મુજબની સેવાઓ પૂરી પાડવાની રહેશે.

(૧) પ્રિવેન્ટીવ કેર -

- કોમ્યુનીટી સર્વેલેન્સ, જનજાગૃતી અને આરોગ્ય શિક્ષણ – રોગનું કારણ અને નિવારણની તમામ બાબતો અને તેને લગતી તમામ પ્રવૃતિઓ.
- આઉટરીચ મેડીકલ ઓપીડીમાં ડોકટરના સુપરવિઝનમાં મેડીકલ કેર, તાવ અને ઓક્સીજનની કમી વાળા દર્દીનુ સ્કીનીગ.
- ઈમ્યુનીટી વધે તેવો ખોરાક તથા ઔષધિઓની બાબતો.
- સેમ્પલ કલેક્શન સમયે કાઉન્સલીંગ.

(૨) કલીનીકલ કેર-

- હેલ્પ ડેસ્ક, કંટ્રોલ રૂમ, કાઉન્સીલીંગ, હેલ્થ એકજ્યુકેશન, હોમ આઈસોલેશન કરેલ દર્દીઓના કેર ટેકર તરીકે.
- નિષ્ણાત ડોકટરના સુપરવિઝન હેઠળ મેડીકલ કેર - બેઝિક મેડીકલ ચેકઅપ, પેશન્ટ સ્ક્રીનીંગ, પેશન્ટ ગાઇડ પેશન્ટની ફાઇલ મેન્ટેનેનશ, મેડીકલ પ્રોસીઝરમાં મદદ વિગેરે
- સેમ્પલ કલેક્શન, પેકેજીંગ અને ટ્રાન્સપોર્ટ.

(૩) લોજીસ્ટીક -

- વિવિધ દવાઓની જાણકારી, સ્ટોક મેઈન્ટેનીંગ અને નિષણાતોની સલાહ મુજબ સમયસર દવા અને ખોરાક મળે તેવી વ્યવસ્થા.

➢ હૉસ્પિટલ મેનેજમેન્ટમાં સહાય દર્દી તથા દર્દીઓના સગાઓનું કાઉન્સેલીંગ.

(૪) અન્ય –

➢ હેલ્થ અને મેડીકલ ડેટા મેનેજમેન્ટ

➢ તજજ્ઞના માર્ગદર્શન હેઠળ ડેટા એનાલીસીસ

➢ 1100 અને 104 અન્ય હેલ્પલાઇન પર ટેલી કાઉન્સેલીંગ

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

➢ માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
➢ માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
➢ માન.રા.ક.મંત્રીશ્રી, (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
➢ મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
➢ અધિક મુખ્ય સચિવશ્રી (કોવિડ-૧૯), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
➢ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ મહાનગર પાલિકા, ગુજરાત રાજય.
➢ જીલ્લા કલેકટરશ્રી, (તમામ), ગુજરાત રાજય.
➢ કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
➢ મિશન ડાયરેકટરશ્રી, એન.એચ.એમ., એન.એચ.એમ. ભવન, ગાંધીનગર
➢ નિયામકશ્રી, આયુષ, ૧-ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
➢ અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
➢ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જીએમઇઆરએસ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર.
➢ ડીનશ્રી, તમામ સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કૉલેજ, ગુજરાત રાજય.
➢ પ્રિન્સીપાલશ્રી, તમામ સેલ્ફ ફાયનાન્સ નર્સીંગ, ફિઝીયોથેરાપી કૉલેજ, ગુજરાત રાજય.
➢ શાખા પસંદગી ફાઇલ – ૨૦૨૦.